# અરવલ્લીના ભૂમીપુત્રો દ્વારા નવા કૃષિ વર્ષનો પ્રારંભ


(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા, તા. ૨૧

વૈશાખ સુદ-૩ એટલે અખાત્રીજ (અક્ષયતૃતીયા)નો દિવસ એટલે શુભકાર્યો તેમજ પ્રસંગો માટેનો વર્ષનો શ્રેષ્ઠ દિવસ અને ખેડૂતોનો ખેતીકામ માટેનો નવુ વર્ષ. અખાત્રીજના દિવસે ખેડૂતપુત્રોએ ભૂમિપૂજન તેમજ પશુઓ તથા ખેતીના ઓજારોને પૂજન કરવાની સાથે ખેતરમાં જઈ ક્ષેત્રપાળનો દિવો-ધૂપ કરી કંસાર તથા ખીચડીનો પ્રસાદ વહેંચણી કરી નવા કૃષિ વર્ષનો પ્રારંભ કર્યો હતો.

અરવલ્લી જિલ્લામાં આજે અખાત્રીજ મંગળવારના દિવસે મંગળ હોવાથી શાસ્ત્રની દૃષ્ટિએ મંગળ પૃથ્વીનો પુત્ર હોઈ ભુમિનું ખનન કે હાળતોરા કે ખોદકામથી અળગા રહેતા હોય છે. પરંતુ જ્યોતિષિઓએ સૂચવ્યા મુજબ જિલ્લાના ભૂમિપુત્રોએ વહેલી સવારે ૬.૧૭ પહેલા અખાત્રીજના દિવસે પૂજન વિધિ પૂર્ણ કરી હતી અને આજથી તેમના નવા કૃષિ વર્ષનો ઉમંગભેર પ્રારંભ કર્યો હતો. જેમાં જિલ્લાના ખેડૂતપુત્રોએ પરિવારના સભ્યો સાથે હર્ષોલ્લાસથી પોતાના ઓજારો હળ તૈયાર કરી બળદોના શિંગડાને રંગ-રોગાન કરી નવા પોષાક પહેરી સાગમટે ગામના અને શહેરી ભૂમિપુત્રોએ હળ જોડી દીને ખેતર ખેડી ખાતમુહૂર્ત કર્યુ હતુ. દર વર્ષની જેમ આ વર્ષે પણ અખાત્રીજે વહેલી સવારે સૌ ભૂમિપુત્રો એક સાથે એક જગ્યાએ એકજ ખેતરમાં ભેગા મળીને એક સાથે જ હળ જોડીને ખેતરમાં પહોંચીને હળ જોતરીને ખેતીનું મુહૂર્ત કર્યુ હતુ. જેમાં ભૂમિપુત્રોએ બળદગાડાને શણગારી, બળદોના મોં મીઠુ કરાવી વિતેલા વર્ષનું દુખ જતુ કરીને આજે નવા વર્ષનો ઉમંગભેર પ્રારંભ કર્યો હતો. અને આખો વર્ષ ખેતરમાં કયા પ્રકારના પાક લેવો તેનું આગોતરૂ આયોજન કર્યુ હતુ. તેમજ ગત વર્ષના ખેતીમાં થયેલા ધંધા-નુકશાન અંગે સરવૈયુ નિકાળવાની સાથે ખેતી માટે રાખેલ ખેતમજુરો અને ભાગીયાઓના હિસાબો સમેટી લઈ નવા વર્ષનું કામકાજ સોંપવામાં આવ્યું હતું. ખેતમજૂરી કરતા ખેતમજૂરો પણ અખાત્રીજના દિવસે પોતાની સૂઝ-બૂઝ વાપરીને ખેતરમાલિકો સાથે રાજીખુશીથી છુટા થઈ પોતાના મનપસંદ લાગતા ભૂમીપુત્રો સાથે અખાત્રીજથી અખાત્રીજ સુધી મજૂરીનો કરાર કરતા હોય છે.

ગતસાલ ભૂમિપુત્રોને થયેલા માવઠાના કારણે પાકોમાં ભારે નુકશાન થયુ હતુ ત્યારે આ વર્ષે ભુમીપુત્રોએ દર વર્ષની જેમ ગોગા મહારાજને સુખડીનું નવૈદ્ય આપીને કુદરતી આફતોથી બચવા આરાધના કરી હતી.

# મોડાસા ડબ્બા ટ્રેડીંગ કૌભાંડમાં આરોપીઓને કોર્ટમાં રજૂ કરાયાં

## ૨.૩૦ લાખ રોક્ડ, બે બાઈક, કાર સાથે ત્રણ નબીરાઓ ઝડપાયા


(તસવીર : જય અમીન, મોડાસા)



મોડાસા, તા. ૨૧

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં માર્કેટયાર્ડ નવિન વિભાગમાં છેલ્લા કેટલાય મહિનાઓથી ડબ્બા ટ્રેડીંગનું કૌભાંડ ચાલી રહ્યું હોવાની જિલ્લા એલ.સી.બી.ને બાતમી મળી હતી. જેના પગલે છાપો મારી ડબ્બા ટ્રેડીંગ કરતા મોડાસા શહેરના ત્રણ નબીરાઓને ૨.૩૦ લાખ રોકડા વાહન અને હિસાબી ચોપડાઓ કબ્જે કરી લીધા હતા. જેમાં મોટા માથાઓની સંડોવણી આ કૌભાંડમાં બહાર આવે તેવી શક્યતાઓ જોવાઈ રહી છે. સોમવારે બપોરે ૩ વાગ્યા સમયે મોડાસા એલસીબીએ રેડ કરી હોવા છતાં રાત્રે ૯.૦૦ વાગ્યા સુધી ડબ્બા ટ્રેડીંગ કૌભાંડની એફ.આઈ.આર. ન નોંધાતા આ મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો. રેન્જ આઈ.જી. હસમુખ પટેલ આ કૌભાંડમાં સાચી હકીકતો બહાર લાવવા અરવલ્લી એલ.સી.બી.ને સૂચના આપે તે જરૂરી છે.

સમગ્ર દેશ અને ગુજરાત રાજ્યમાં લોકો રાતોરાત કરોડપતિ થવા માટે નવા નવા નુસખાઓ અપનાવતા હોય છે અને ગેરકાયદેસર રીતે ચાલતા કાળા બજારના માર્ગો અપનાવવાની સાથે ડબ્બા ટ્રેડીંગ અને સટ્ટાના ગોરખધંધા જેવા ગેરકાયદેસર કારોબાર ચલાવતા હોય છે. જેમાં નાના શહેરોમાં પણ ડબ્બા ટ્રેડીંગ પણ ડબ્બા ટ્રેડીંગ અને સટ્ટા બેટીંગ જેવા દૂષણો અડીંગો જમાવી દીધો છે.

મોડાસા શહેરમાં ડબ્બા ટ્રેડીંગનું કૌભાંડ મોડાસા શહેરના નવા માર્કેટયાર્ડમાં મોટા પાયે ચાલતું હોવાની બાતમી અરવલ્લી જિલ્લા એલ.સી.બી. પોલીસને મળતાં પી.આઈ. પી.કે. પટેલ સોમવારે બપોરે છાપો માર્યો હતો. જેમાં માર્કેટયાર્ડના બીજા માળે ડી બ્લોકમાં ડબ્બા ટ્રેડીંગનો કારોબાર ચલાવતા ત્રણ નબીરાઓને ઝડપી પાડ્યા હતા. જ્યાં ડબ્બા ટ્રેડીંગ ચલાવતું હતું તે ઓફીસમાંથી ૨ કોમ્પ્યુટર, પાંચ મોબાઈલ અને ૨.૩૦ લાખ રોકડા રકમ જપ્ત કરી હતી.

### ઝડપાયેલા ત્રણ આરોપીઓ

અનંદ મુકુંદરાય ઉપાધ્યાય, અમીત ધનજીભાઈ પટેલ, સન્ની દિનેશભાઈ પટેલ તમામ રહે. મોડાસા

### આરોપીઓને બચાવવા હવાતિયા

ત્રણેય આરોપીઓને છોડાવવા માટે ગઈકાલ બપોર પછી એક એડવોકેટ મહિલા અને મોડાસા શહેરના કેટલાક આગેવાનોએ દોડાદોડી કરી મુકી હતી અને અરવલ્લી એલ.સી.બી. ઓફીસમાં અડીંગો જમાવી દીધો હતો. પરંતુ આખી ઘટનાની જાણ ઉચ્ચ કક્ષાએ થતાં આરોપીઓને બચાવવા આવેલા આગેવાનોની પીપીડુ.

### સટ્ટા બેટીંગની શક્યતા

હમણાં થોડા સમય પહેલાં જ વર્લ્ડકપ પુરો થયો છે. અને અત્યારે સટ્ટાકીંગોમાં જાણીતા આઈ.પી.એલ. ક્રિકેટ ટુર્નામેન્ટ ચાલી રહી છે ત્યારે શહેરમાં ડબ્બા ટ્રેડીંગની સાથે સટ્ટા બેટીંગનો પણ કારોબાર ચાલી રહ્યો છે ? તે જોવું રહ્યું.

એલ.સી.બી. પી.આઈ.ની ગાડી જ્યારે ડબ્બા ટ્રેડીંગની ઓફીસથી આરોપીઓને લઈને નીકળી ત્યારે તેની પાછળ પોલીસ જવાન કે અજાણ્યા બે ઈસમો બાઈક પર બે મોટા થેલાઓમાં ડબ્બા ટ્રેડીંગ ઓફીસમાંથી હિસાબી ચોપડાઓ અને રોકડ રકમ ભરીને બાઈક પર નીકળી ગયા હતા. બે થેઓમાં ભરેલું સામાન અને રોકડ રકમ ક્યાં ગઈ ? અને જો પોલીસ જવાન હતા તો સરકારી વાહનનો ઉપયોગ કેમ ના કર્યો? તે જોવું રહ્યું. સમગ્ર કૌભાંડ મોડાસા શહેરમાં ભર બપોર પછી કુતુહલ જગાડ્યું હતું.

ડબ્બા ટ્રેડીંગ પકડાયેલા આરોપીઓ પોતે મોડાસા માર્કેટયાર્ડમાં દુકાન ભાડે રાખીને સ્ટોક એક્સેંજના લાયસન્સ વગર અને સ્ટોક એક્સચેંજના નિયમોનો ભંગ કરી શેરોની લે-વેચ કરી અને સરકારના સીક્યુરીટી ટ્રાન્જેક્શન અંગેનો કોઈપણ પ્રકારના ટેક્સ ભર્યા વગર આર્થીક નુકસાન પહોંચાડવાની પ્રવૃત્તિ કરી ગુન્હો આચરેલ છે. સરકારી તિજોરીને નુકશાન પહોંચાડવામાં સીક્યુરીટી કોન્ટ્રાક્ટ રેગ્યુલેશન એક્ટ ૧૯૫૬ની કલમ ૨૩(૧) મુજબ ૧૦ વર્ષ સુધી ૨૫ કરોડ દંડની જોગવાઈ રહેલી છે. મોડાસા શહેરમાં થતી ચર્ચા મુજબ સટ્ટા ટ્રેડીંગના ઓથ હેઠળ સટ્ટા બેટીંગનું કટીંગ પણ લેવામાં આવી રહ્યું હોવાનું ચર્ચાય છે.

ડબ્બા ટ્રેડીંગમાં પકડાયેલા ત્રણ આરોપીઓને અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે કોર્ટમાં રજુ કરતાં નામદાર જજે આરોપીઓ પાસેથી ગુનાની ઉંડાણપુર્વક તપાસ કરવા માટે અને તપાસમાં સહયોગ ન આપતા હોવાથી ત્રણ દિવસના રીમાન્ડ સોંપવામાં આવ્યા છે.

# બીજો કૃષિ મેળો આવ્યો છતાં અરવલ્લીના ખેડૂતો સરકારી સહાયથી હજુ વંચિત

મોડાસા, તા. ૨૧

વર્ષ-૨૦૧૩-૧૪માં અરવલ્લી જિલ્લાના ખેડૂતોનો પાક વધુ વરસાદના કારણે નિષ્ફળ જતા તેનો સર્વે કરાયા બાદ ખેડૂતોને નાણાં ચૂકવાના નક્કી કરાયું હતું પરંતુ આ નાણા આજ દિન સુધી અસરગ્રસ્ત ખેડૂતોને ન ચુકવતા તંત્ર સામે વ્યાપક રોષ ફેલાયેલો છે.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

અરવલ્લી જિલ્લાના ખેડૂતો વારંવાર વધુ વરસાદ અને કમોસમી માવઠાથી ખેતી પાકમાં વ્યાપક નુકશાન વેઠી રહ્યા છે. ત્યારે વર્ષ-૨૦૧૩-૧૪માં થયેલા વધુ વરસાદથીખેડૂતોને નુકશાન થતા તેનો સર્વે કરાવી વળતર ચુકવવાનું સરકાર દ્વારા નક્કી કર્યું હતું. સરકારે જે નાણા મંજુર કર્યા તે



આમ તો નુકશાનના સામાન્ય ભાગ જેટલા પણ નથી તેમ છતાં મંજુર કરાયેલા નાણા આજદિન સુધી ખેડૂતોને ન ચુકવતા રોષ પ્રવર્તી રહ્યો છે. સરકારે ફાળવેલ રૂપિયા ૨૨ કરોડ એક ખાનગી બેંકમાં છેલ્લા ૧ માસ ઉપરાંતથી ડિપોજીટ થઈ ગયા છે પરંતુ કોઈ અગમ્ય કારણસર આ નાણાં કેડૂતોને ન ચુકવાતા આગામી સમયમાં વહીવટી તંત્રની વિલંબ ભરી નીતિ સામે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન થાય તેવી પ્રબળ શક્યતાઓ જણાઈ રહી છે.

ખેડૂતોને વર્ષ-૨૦૧૩-૧૪માં ખેડૂતોને થયેલા નુકશાનના નાણાં ચુકવવા માટે વહીવટી તંત્ર સજ્જ તો છે જ પરંતુ કેટલાક ખેડૂતોના બેંકમાં ખાતા નંબરોમાં વિલમ્બયા હોવાથી આ નાણાં ચુકવવામાં વિલંબ થઈ રહ્યો છે. પરંતુ આગામી દિવસોમાં શક્ય તેટલું ઝડપથી નાણા ચુકવી દેવામાં આવશે.

ખેડૂતો અવારનવાર કુદરતનો પ્રકોપનો ભોગ બની ખેતી પાકમાનુ નુકશાન તો વેઠી જ રહ્યા છે ત્યારે વહીવટી તંત્ર અને સરકાર વળતરમાં જે રીતે ઉદાસીનતા દાખવી રહ્યું છે તે જોતા આગામી દિવસોમાં સરકાર સામે ખેડૂતો આંદોલનાત્મક અભિગમ અપનાવવાના કાર્યક્રમો જાહેર કરે તો નવાઈ પામવા જેવું નહિ હોય.

# ઊંઝામાં શટલિયા વાહનોના બેફામ પાર્કિંગથી પ્રજા ત્રસ્ત

ઊંઝા, તા.૨૧

ઊંઝા ખાતે એસ.ટી. બસ સ્ટેશન અને હાઈવે પોલિસ ચોકી નજીક અમર્યાદિત મુસાફરો ભરીને એસ.ટી. બસોની સમાંતર દોડતા ખાનગી વાહનોના હાઈવે પર તેમજ સર્વિસ રોડ પર આડેધડ પાર્કિંગને લીધે અન્ય વાહનચાલકો તથા રાહદારીઓ ભારે પરેશાની વેઠી રહ્યા છે.

અત્રે હાઈવે પર તેમજ સર્વિસ રોડ પર છેલ્લા ઘણા વખતથી પોલીસની રહેમનજર તળે ખાનગી વાહનોના અડિંગા સામાન્ય બની ગયા છે. ખાનગી વાહનોના ચાલકો અમર્યાદિત મુસાફરો ભરીને મહેસાણા, પાટણ, સિધ્ધપુર, વિસનગર તેમજ આસપાસના કેટલાક ગામોમાં રોજિંદા હેરાફેરી કરી રહ્યા છે. આવા વાહનો મુખ્યત્વે એસ.ટી. બસોની સમાંતર દોડે છે. એસ.ટી. બસ સ્ટેશનની આસપાસના ચોક્કસ વિસ્તારમાં ખાનગી વાહનો થોભાવવાની સખ્ત મનાઈ હોવા છતાં જિલ્લા કલેકટરના જાહેરનામાની ઐસી કી તૈસી કરીને બેરોકટોક મુસાફરો ભરીને જે તે સ્થળોએ નિયમિત આંટાફેરા મારે છે. પરંતુ કથિત હપ્તાની લાલચે સ્થાનિક પોલિસ અને જિલ્લા ટ્રાફિક પોલીસની મીઠી નજર તળે આવા વાહનો અને તેના ચાલકો સામે કાયદાકીય કોઈ જ કડક પગલાં ભરાતાં નથી. પરિણામે અહીં ખાનગી વાહનોની બોલબાલા ખૂબ વધી જવા પામી છે.

વધુમાં મુસાફરો ભરવાની હોડમા આવા ખાનગી વાહનો એપીએમસી સર્કલના વળાંક પાસે હાઈવે પર આડેધડ ઉભા રહે છે જેનાથી હાઈવે પરથી પસાર થતા અન્ય નાના મોટા વાહનો તેમજ ઊંઝા શહેરમાંથી અન્ડરબ્રિજની અંદર થઈને હાઈવે પર આવતા વાહનોના ચાલકોને સતત અકસ્માત થવાનો ભય રહ્યા કરે છે.

અત્રે નજીકમાં જ હાઈવે પોલીસ ચોકી છે, જયાં પોલીસ કર્મચારીની હાજરી હોય છે. અહીંથી પસાર થતા વાહનોના ચેકીંગ માટે બેરીકેટેડ મુકવામાં આવ્યા છે. જે એવી રીતે મુકાયા છે કે મોટા લોડીંગ લાંબા વાહનોને નીકળવું પણ મુશ્કેલ બની જાય છે. વધુમાં બાજુમાં જ એસ.ટી. બસ મથકમાંથી બસોને બહાર આવવાનો રસ્તો છે જેથી બેરીકેટેડની બાજુમાંથી બસોને હંકારવામાં ડ્રાઈવરોને મુશ્કેલી પડે છે જેથી મોટા વાહનો સરળતાથી રોડ પરથી પસાર થઈ શકે તે રીતે પોલીસે બેરીકેટેડ મુકવા જોઈએ તેવું વાહન ચાલકો ઈચ્છે છે.

## ઊંઝામાં મેઈન બજારમાં થયેલી તકરારમાં ઘાયલ યુવાનનું મોત

ઊંઝા, તા.૨૦

ગઈ કાલે ઊંઝા નજીકના ઉનાવા ગામે મુખ્ય બજારમાં બપોરના સમયે એક ૩૦ થી ૩૫ વર્ષની વયના કોઈ અજાણ્યા પુરૂષને કોઈ અજાણ્યા શખ્સોએ માર મારતાં તેનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થાતં પોલીસે ખૂનનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાથી સંવેદનશીલ નગરમાં ભારે ચકચાર જાગી છે. સ્થાનિક પોલિસ મથકેથી મળતી માહિતી મુજબ ગઈ કાલે ઉનાવા ગામે બપોરના સમયે મેઈન બજારમાં એક ૩૦ થી ૩૫ વર્ષની વયના આશરાના અજાણ્યા યુવાન જેણે કમરે પેન્ટ પહેરેલ હતું. તેને કોઈ અજાણ્યા ઈસમોએ કોઈ કારસણર માર મારતાં તેને શરીરે નાની મોટી ઈજાઓ થઈ હતી જેથી ૧૦૮ એમ્બ્યુલન્સ વાનમાં સારવાર માટે પ્રથમ ઊંઝા કોટેજ હોસ્પિટલમાં લઈ ગયા હતાં જયાં તેની સ્થિતિ ગંભીર જણાતાં તેને વધુ સારવાર અર્થે ધારપુર પાટણની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જયાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું.

# કાંકણોલમાં મોઢેશ્વરી માતાજીનો તૃતીય પાટોત્સવ ગુરૂવારે યોજાશે

કાંકણોલ ગામે શ્રીમતી મધુબહેન બાબુભાઈ ધુળાભાઈ મોઢ પટેલ કાંકણોલવાળા સમાજવાડી આગિયોલ-બેરણા ક્રોસરોડ ગામે મોઢેશ્વરી માતાજીનો તૃતીય પાટોત્સવ વૈશાખ સુદ-પને તા. ૨૩મી એપ્રિલના રોજ યોજાનાર છે. પ્રમુખશ્રી નટુભાઈ પટેલ તેમજ સમાજના આગેવાનોએ જણાવેલ છે.

## તલોદની વિવેકાનંદ શાળાનો વાર્ષિકોત્સવ યોજાયો

તલોદ, તા. ૨૧

તલોદની વિવેકાનંદ મિશન ઈંગ્લિશ સ્કૂલમાં પ્રથમ શિશુ મહોત્સવ અને વાર્ષિકોત્સવ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં શાળાના બાળકોએ ગીત, સંગીત, નાટક, ક્વીઝ, બેટી બચાવો સમૂહ નાટક વગેરે રજુ કર્યા હતા અને ઉપસ્થિત સૌ કોઈને મંત્રમુગ્ધ કર્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને બંસીધર મહેતા, કાળુસિંહ મકવાણા, સુનીલભાઈ પટેલ, રંજનબેન પટેલ સહિત અનેક આગેવાનો હાજર રહ્યા હતા અનો બાળકોનો પ્રોત્સાહિત કર્યા હતા.

# પ્રાંતિજમાં વલ્લી જુગાર બંધ થતા રસિકો તલોદમાં લાંબા થયા

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત સમગ્ર જિલ્લામાં મોટા ભાગે ચાલતા દારૂ જુગાર સહિતની અસામાજિક પ્રવૃત્તિઓ ઉપર હાલ બ્રેક લાગતાં હાલ જિલ્લા સહિત પંથકમાં લોકો ખુશખુશાલ જોવા મળે છે અને આવા ઓફિસર દરેક જિલ્લાઓને મળે તો ગુજરાતમાંથી સંપૂર્ણ પણે અસામાજિક તત્વો કે આવા દારૂ જુગાર ચલાવનાર માલિકો ભુગર્ભમાં કાયમ માટે છુ થઈ જશે પણ તલોદ ખાતે હજુ સ્થાનિક પોલીસ તંત્રની મીઠી નજર હોય તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે.

હાલ ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં નવા પોલીસ વડા તરીકે હસમુખ પટેલની નિમણુંક થતાં તેમણે તેમની હસ્ત આવેલ જિલ્લાઓમાં તાલુકાઓમાં ચાલતા વિવિધ ગેરકાયદેસર ચાલતા ધંધાઓ ઉપર બ્રેક મારી દીધી છે અને ખાસ કરીને દારૂ વલ્લી જુગાર આ ચાર જિલ્લાઓમાં સંપૂર્ણપણે બુટલેગરો તથા સ્થાનિક પોલીસ ચોકી તથા જે તે પીઆઈઓ, પીએસઆઈઓને પણ ચેતવણી આપવામાં આવી હતી. ત્યારે હાલ સાબરકાંઠા-અરવલ્લીમાં દારૂનું વેચાણ સંપૂર્ણપણે બંધ થયું છે. અને જેથી દારૂ રસિકો દારૂ પીવા રાજસ્થાન સુધી લાંબા થાય છે. અને આવતી વેળાએ એક બે ચાર બોટલ દારૂ પણ લેતા આવે છે. જ્યારે ચેક પોસ્ટ ઉપર ચેકિંગ દરમ્યાન એક બે બોટલ મળી આવે તો તેજ વખતે અધિકારીઓ દ્વારા તોડ કરી જવા દેવામાં આવે છે. જ્યારે દારૂના જોવા મળતા ક્યાક ક્યાક પહેલાં કરતાં ચાર ગણા ભાવે મળે છે અને હજુ જિલ્લાઓમાં ક્યાંક ક્યાંક જગ્યાએ વેચાતો હોવાનું બહાર આવ્યું છે. ત્યારે પ્રાંતિજ ખાતે ચાલતો વલ્લી મટકાનો જુગાર સંપૂર્ણ પણે બંધ થતા વલ્લી રસિકો તલોદ સુધી લાંબા થાય છે અને વલ્લી રમે છે. જ્યારે હાલ એવુ લાગી રહ્યુંછે કે તલોદ ખાતે આવેલ તંત્રની રહેમ નજર આ વલ્લી સંચાલક ઉપર હોત તે સ્પષ્ટ પણે જણાઈ આવે છે જેથી હજુ હપ્તાની લ્હાયમાં પોતાનું કર્તવ્ય તથા પોલીસ વડાની સુચનાનું પાલન ના થતુ હોવાનું કે તેમના કાયદાનું એસીકીતેસી થતું હોવાનું સ્પષ્ટ પણે જણાઈ આવે છે.


ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર – TATA
ઓથોરાઈઝ્ડ ડીલર – Castrol, EXIDE INDUSTRIES LIMITED, BRIDGESTONE PASSION for EXCELLENCE, JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦



આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧